SPCS/31/2012 ORDER

Registration No.: SPCS/31/2012
Filing No.: SPCS/31/2012
Filed On: 05/03/2012
Registered On : 05/03/2012

**IN THE CIVIL COURT AT JAMNAGAR**

**SPECIAL CIVIL SUIT NO. 31 OF 2012.**

**Plaintiff**:

**1.** AMRUTLAL PARBATBHAI SONGARA
RESI AT BED,
TA-DIST- JAMNAGAR
JAMANGAR

**2.** RAGHV PARBAT SONGARA
RESI AT BED,
TA-DIST- JAMNAGAR
JAMANGAR

**VERSUS**

**Defendant**:

**1.** DEPUTY COLLECTOR SHRI
SUBHASH BRIJ, SEVA SADAN 4
JAMANGAR

**2.** L AND T CO. LI.
JALARAM, OPP. INDIRA NAGAR
NEAR SOURASHTRA UNIVARCITY,
RAJKOT

**3.** SACHIV SHRI MARG AND MAKAN VIBHAG
GANDHINAGAR
GANDHINAGAR

**Appearance:**
K.A.JOSHI For Plaintiff 1, 2

K.H.NATHWANI For Defendant 2

---

# જામનગરના મે. બીજા એડી. સીનીયર સિવિલ જજની અદાલત સમક્ષ,

**સ્પે દિ. મુકદમા નં. ૩૧/૧૨ ના કામે આંક –૨૨ વાદગ્રસ્ત જગ્યાનું પંચનામુ કરવા અંગે હુકમ**

**૧. આ કામે વાદી પક્ષકાર તરફથી હાલની આ અરજી રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, હાલનો દાવો વાદી પક્ષે ડેકલેરેશન ઈન્જકશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા તથા નુકશાન વળતર મેળવવાનો દાવો કરેલ છે. અને તે દાવા સંબધે આંક– ૫ ની અરજી કરાયેલ હોય, જેમાં વાદીની માલિકી કબજા ભોગવટાની ખેતી ની જમીનની હાલની સ્થળ સ્થિીતનું પંચનામુ કરવા અત્યંત આવશ્યક અને જરુરી હોય, આ કામે પંચનામુ કરવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.**

**૨. આ કામે ઉપરોકત અરજી અનુસંધાને પ્રતિવાદી નં. ૨ તરફથી આંક–૨૪ થી તેમનો જવાબ રજુ કરેલ છે. અને તેમના જવાબમાં તેઓએ તકરાર લીધેલ છે કે, વાદીની પંચનામાની અરજી ખરી અને કાયદેસરની નથી તેમજ વાદીનો દાવો તથા હંગામી મનાઈ હુકમની અરજી ટકવાપાત્ર નથી તેમજ તેઓએ દવેષબુધ્ધિથી આંક– ૫ની અરજી કરેલ હોય, અને પ્રોસીડીંગ્સ લંબાવવાના હેતુથી હાલની અરજી કરેલ છે. તેમજ વાદીને પુરાવા ભેગા કરવા સારુ કોર્ટ કમિશ્નર દવારા પંચનામુ કરવાના ઈરાદાથી હાલની અરજી કરેલ છે. અને આ કામે વાદી જે તકરારી વિષય વસ્તુ છે તેઓ સ્વતંત્ર પુરાવાથી તેઓ સાબિત કરી શકે તેમ છે. તેમજ વાદીઓની જગ્યા અને ટોલનાકા વચ્ચેની જગ્યા આશરે અડધા કિલોમીટરની જગ્યા છે. તેમજ વાદીને ટોલનાકાની જગ્યા પછી રસ્તો બંને સાઈડમાં પાછળના ભાગમાં જાહેર રોડને અડતો વૈકિલ્પક માર્ગ મળ ેલ છે.તેમજ આ કામે લેન્ડ રેફરન્સ પ્રોસીડીંગ્સ વાદી પક્ષ કરી શકે તેમ છે અને આ કામે પ્રાંત અધિકારી તેમજ સરકારશ્રી દવારા સંપાદન હકીકતનું જે પ્લીડીંગ કરી શકે તેમ છે. ખરી હકીકતે પ્રતિવાદી નં. ૧ દવારા એલ.એ. કયુ ૧૫ /૨૦૦૮ના હુકમ તા. ૨૪/૦૯/૦૯ થી**

વાદીઓની સર્વે નં. ૩૩૨/પૈકી ૨ તથા ૩ એકવાયર કરેલ છે. અને ધોરણસરની કાર્યવાહી કરી તા. ૧૦/૦૮/૦૯ ના રોજકામ મુજબ વાદીઓની જગ્યાનો તલાટી કમ–મંત્રી તેમજ પંચોની હાજરીમાં પંચકયાસ કરી કબજોલીધેલ છે. અને તા. ૨૦/૧૦/૦૯ની કબજ પાવતી વાદીઓએ રૂા. ૩૬,૧૪૧/– વિજયા બેંકનો ચેક નં. ૫૫૪૭૫૯ સ્વીકારી કબજો સોપી આપેલ છે. તથા એકવાયર થયેલ જગ્યામાં ઉભા પાક તરીકે ઘઉંનું વાવેતર કરેલ તેના રૂા. ૧૬,૭૦૦/– તા. ૨૮/૨/૨૦૧૧ની રસીદથી રોકડા સ્વીકારેલ છે જે તા. ૨૮/૨/૧૧ ના રોજકામમાં વાદીએ ટોલ પ્લાઝાની કામગીરી સામે કોઈ વાંધો નથી તેવી કબુલાત પણ આપેલ છે.

તેમજ આ કામે પ્રતિવાદી નં. ૧ અને ૩ ના એ પણ તેમનો જવાબ આંક–૩૪ થી રજુ કરેલ છે અને તેમાં તેઓએ વળતર ચુકવી આપેલાની હકીકત જણાવેલ છે અને વાદીનો હાલનો દાવો જ ખરો ન હોય, તેમની પંચનામાની અરજી મંજુર થવાને પાત્ર ન હોય તેવી તેમની દલીલ કરેલ છે.

૩. વાદીઓએ દાવા અરજીના પેજ –૪ માં હકીકત જણાવી છે કે, પ્રતિવાદી નં. ૧ દવારા વળતર પેટેની રકમ નિર્ધારીત કર્યા છતાં ઘણા ઓછા પ્રમાણમાં રકમની ચુકવણી થયેલ છે અને ભવિષ્યમાં કયારે ચુકવણી થશે તેનું પણ કોઈ જ પ્રકારની જાણ કરાયેલ નથી. તેવી ખુદ વાદીના દસ્તાવેજી પુરાવાની વિરુધ્ધની તકરારો છે કારણકે શ્રી ગુજરાત રાજય દવારા જમીન સંપાદન અંગે જે કાર્યવાહી કરી વાદીઓની જમીન સંપાદન કરી છે તે પ્રોસીડીંગ્સને વાદીઓએ ચેલેન્જ કરેલ નથી અને વાદીઓને જમીન સંપાદન કરી છે તે પ્રોસીડીંગ્સને વાદીઓએ ચેલેન્જ કરેલ નથી અને વાદીઓને જમીન સંપાદન અંગે ધોરણસરનું વળતર પણ મળી ગયેલ છે જેથી આ પેરામાં વાદીઓએ અનુક્રમ નં. ૧ થી ૬ જે નુકશાની બતાવી છે તેવી કોઈ નુકશાની વાદીઓને થયેલી નથી કે કુલ નુકશાન રૂા. ૭,૯૦,૦૦૦/– થયેલ છે. જે તમામ હકીકત સ્વતંત્ર પુરાવાથી સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી તે સ્વીકારવામાં આવતી નથી.

૪. આ કામે બંને પક્ષકારોની વિગતવારની દલીલો તેમજ કેસની હકીકત ધ્યાને લેતા આ કામે સૌ પ્રથમ કાયદાની જોગવાઈ ધ્યાને લેવી જરુરી જણાતી હોય, સ્થાનિક તપાસ માટે કમિશ્નરની નિમણુંક કયારે કરવી જોઈએ અને સ્થાનિક તપાસનું પંચનામુ કયા સંજોગોમાં કરી શકાય તે કાયદાની જોગવાઈમાંસ્પષ્ટપણેજણાવવામાં આવે છે જે અંગે જોઈએ તો, સ્થાનિક તપાસ માટે અદાલત ને યોગ્ય જણાય તો, કમિશ્નર નિમાવાનો હુકમ કરી શકે છે જેમાં તકરારી

બાબતની સ્પષ્ટતા માટે મિલકતની બજાર કિંમત જાણવા માટે તેમજ દરમ્યાન ઉપજ, નુકશાન અથવા વાર્ષિક ચોખ્ખો નફો જાણવા માટે સ્થળ પરથી  જ પુરાવો મેળવી શકે તેમ હોય ત્યારે  સ્થાનિક તપાસ માટેની કમિશન એટલે કે પંચનામુ કરવુ  જોઈએ આ કામે વાદી પક્ષ તરફથી નુકશાન વળતર મેળવવા સારુ દાવો કરવામાં આવેલ છે અને વાદીની જમીન પૈકી સરકારે જમીન એકવાયર કરી અને તે પૈકીની જમીન વાદી પાસે છે તે હકીકત કેસની રેકર્ડ પર સ્પષ્ટપણે જણાય આવે છે તેમજ આ કામે વાદી પક્ષ તરફથી જે હકીકત રજુ કરેલ છે તેની સામે પ્રતિવાદી નં. ૨ નાઓએ જે હકીકત જણાવેલ છે તે જોતાં વાદીની બાકી રહેલ જમીન ટોલટેક્ષથી અડધો કિ.મી. દુર છે તેમજ જે જમીન વાદી પક્ષ પાસ ે છે તે જમીનની ચોકકસ જમીન વાદીએ તેમના દાવામાં જણાવેલ છે તેથી કાયદામાં પ્રસ્થાપિત થયેલ સિંધ્ધાત મુજબ તકરારી  મિલકત સંબધે નો જે દાવો થયેલ તેમાં સ્પષ્ટપણે મિલકતની ઓળખ બતાવેલ અને મિલકત સંબધે સરકાર પક્ષ તરફથી લેન્ડ એકવાયર કરવામાં આવેલ છે જેથી તકરારી મિલકત બાબતેની કોઈ સ્પષ્ટતા જરુરી નથી. તેમજ પ્રતિ નં. ૨ તરફથી વાદીએ પોતાનો પુરાવો એકત્રિત કરવા હાલની આ અરજી આપેલ છે તે હકીકત જોતાં વાદીની જમીન ટોલટેક્ષથી અડધો કિ.મી. દુર આવેલ છે તેમજ આ જમીન સંબધે વાદી પક્ષ જે જે રજુઆતો કરે છે તે અનુસંધાને  પ્રતિવાદી નં. ૧ અને ૩ નાઓએ તેમનો જે જવાબ રજુ કરેલ છે તે જવાબ જોતા વાદી પક્ષે તેમની જમીન એકવાયર કરેલ તે વખતે તેમને જમીનની કિંમત સરકાર પક્ષ તરફથી ચુકવી આપવામાં આવેલ અને જમીન ઉપર જે ઘઉની વાવેતર કરેલુ હતુ તે ઘઉના નુકશાની સંબધે પણ સરકર પક્ષ તરફથી વળતર ચુકવવામાં આવેલ છે આમ જયારે વાદી પક્ષ તરફથી સ્થાનિક જગ્યાના પંચનામા બાબતે જોઈએ તો વાદીએ આ પંચનામુ જે તે વખતે કરાવી શકયા હોત પરંતુ તેઓએ આ પંચનામુ કરાવેલ નથી પરંતે ચાલુ દાવે હાલની આ પંચનામાની અરજી આપેલ છે તે અરજી કેસનુ પ્રોસીડીંગ્સ ડીલે કરવા રજુ કરેલ હોય,  તેમજ પુરાવો મેળવવાના હેતુસર હાલની આ અરજી કરેલ હોય, તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે તેથી આ કામે વાદીના  વિ.વ શ્રી સાથે અસંમત થતો અને પ્રતિવાદીના વિ.વ.શ્રી સાથે સંમત થતો અરજી ના મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**::– હુ ક મ –::**

વાદીના પંચનામાની  અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૨૨ મી ઓકટોમ્બર સને  ૨૦૧૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૨૨/૧૦/૨૦૧૩

(જયેશ કે. આચાર્ય)
બીજા અધિક સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે ૦૦૪૭૪, જામનગર.